

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત કોમર્સ કોલેજ અને બી.એડ. કોલેજ, સેક્ટર-૭ ખાતે નવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. કોલેજમાં અભ્યાસ કરતી અને છાત્રાલયમાં રહેતી વિદ્યાર્થીનીઓ ગરબે ઘૂમી હતી.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




પાર્ટી પ્લોટમાં વગાડવા ન મળ્યું એટલે શેરી ગરબાનાં ભાવમાં વગાડવા ભલે આવ્યો... પણ ભાઈ શેરીનું માપ જોઈને ધીમે ધીમે વગાડજે...!!

## રાજ્યમાં નવા ૨૪ કેસ

ગાંધીનગર, તા.૯

ગુજરાતમાં કોરોનાના આંકડાઓમાં રોજેરોજ આસમાની સુલતાની જોવા મળે છે. રાજ્યમાં કોરોનાના નવા ૨૪ કેસ સામે આવ્યા છે. તો બીજી તરફ ૧૭ દર્દીઓ સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૫,૮૫૫ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૮.૭૬ પર પહોંચ્યો છે. તો બીજી તરફ રસીકરણ મુદ્દે પણ સરકાર મજબુતીથી લડી રહી છે.

રાજ્યમાં આજે કુલ ૪,૦૯,૪૯૪ રસીના ડોઝ એક જ દિવસમાં અપાઇ ચુક્યા છે.

# મહાનગર ખાતે રાજ્ય સરકારના મંત્રી જગદીશ પંચાલની જન આશીર્વાદ યાત્રા સંપન્ન

### જન આશીર્વાદ યાત્રા મહાકાળી માતા મંદિર, પાલજ ખાતેથી શરૂ થઈ 'શ્રી કમલમ', સે-૨૧, ચંદ્ર સ્ટુડિયો, સે-૨૪, ઘ-૫ સર્કલ, પથિકાશ્રમ, ઘ-૨ સર્કલ, ઘ-૦ સર્કલ, ઇન્ફોસિટી, પંડિત દિનદયાલ સ્ટેચ્યુ થઈ સરદાર ચોક, કુડાસણ ખાતે પૂર્ણ થઈ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, રાજયભરમાં સરકારના મંત્રીશ્રીઓની જન આશીર્વાદ યાત્રાના આયોજનના ભાગરૂપે તા. ૮ ઓકટોબર ૨૦૨૧, શુક્રવારના રોજ ગાંધીનગર મહાનગર ખાતે રાજ્ય સરકારના મંત્રીશ્રી જગદીશ પંચાલની જન આશીર્વાદ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહાનગર ભાજપા પ્રભારીશ્રી મોહનલાલ પટેલ, અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટ, મહામંત્રીશ્રીઓ, સંગઠનના હોદ્દેદારો, અગ્રણીશ્રીઓ, સંબંધિત વોર્ડના કોર્પોરેટરશ્રીઓ, કાર્યકર્તાઓ યાત્રા દરમિયાન સાથે જોડાયા હતા.

શ્રી જગદીશ પંચાલની જન આશીર્વાદ યાત્રા મહાકાળી માતા મંદિર, પાલજ ખાતેથી શરૂ થઈ 'શ્રી કમલમ', સે-૨૧, ચંદ્ર સ્ટુડિયો, સે-૨૪, ઘ-૫ સર્કલ, પથિકાશ્રમ, ઘ-૨ સર્કલ, ઘ-૦ સર્કલ, ઈન્ફોસિટી, પંડિત દિનદયાલ સ્ટેચ્યુ થઈ સરદાર ચોક, કુડાસણ ખાતે પૂર્ણ થઈ હતી. યાત્રાના સમગ્ર રૂટ દરમિયાન ઠેર ઠેર ભાજપા કાર્યકર્તાઓ, સમર્થકો,



શુભેચ્છકોએ શ્રી જગદીશ પંચાલનું મોમેન્ટો તેમજ પુષ્પગુચ્છથી ઉમળકાભેર સ્વાગત કર્યું હતું અને તેમને આવકાર્યા હતા. મંત્રીશ્રી જગદીશ પંચાલે જનતાનું અભિવાદન જીલી ભાજપાની વિકાસલક્ષી અને રાષ્ટ્રવાદી રાજનીતિને સમર્થન કરી સતત આશીર્વાદ આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

શ્રી જગદીશ પંચાલે જણાવ્યું હતું કે, ગુજરાતની પવિત્ર ધરતીના પનોતા પુત્રો પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહના વડપણ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતની રાજ્ય સરકાર દ્વારા જનહિતના અનેક નિર્ણયો લેવાઈ રહ્યા છે જેનો સીધો લાભ જનતાને મળી રહ્યો છે. આજે ભાજપાના શાસનમાં દેશ વિકાસમાં અગ્રેસર અને સુરક્ષિત બન્યો છે. ગુજરાતમાં છેલ્લા ૨૫ વર્ષથી ભાજપાની સરકાર દરમિયાન અનેક વિકાસના કાર્યો થયા છે અને બદલાતા ગુજરાતને જનતાએ પ્રત્યક્ષ રૂપથી અનુભવ્યું છે માટે જ જનતા સતત ભાજપને આશીર્વાદ આપી સુકાન સોંપી રહી છે. તેમણે મહાનગરપાલિકાની ચૂંટણીમાં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ મહાનગર ભાજપા અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટ સહિત સંગઠનની ટીમ, કાર્યકર્તાઓ અને નવા ચૂંટાયેલા સૌ નગરસેવકોને અભિનંદન પાઠવ્યા હતા.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.
- છેલ્લા એક સપ્તાહમાં શહેરની મેલેરિયા શાખાએ ૩૫૦૦ થી વધુ મકાનોમાં ફોગીંગની કાર્યવાહી કરી છે.
- ગાંધીનગર જિલ્લાની એથ્લેટીક્સની સ્પર્ધાઓ ૧૩મી ઓક્ટો.ના રોજ સાદરા ખાતે યોજાશે.
- રાંધેજા વિભાગની એથ્લેટીક્સ સ્પર્ધામાં અંડર-૧૯માં સ્વામિ. સ્કૂલ બાલવાના સપના ઠાકોર, જુલી ભાટી, રાવળ કુશ, દર્શન ચૌધરી અને સિદ્ધરાજ વાઘેલા વિજેતાઓ બન્યા છે.
- ભૂસ્તરતંત્રએ ડભોડા-ફતેપુરા રોડ પરથી ઓવરલોડ રેતી ભરીને જતી ત્રણ ટ્રક ઝડપી છે.
- ગાંધીનગર શહેરમાં આજે ખંડીય વૃષ્ટિની અનુભૂતિ થઈ હતી. સે. ૨૨, ૨૧ માં વરસાદ બપોરે થયો હતો. દહેગામ તાલુકામાં પણ ૧૧ મી.મી. જેટલો વરસાદ થયો હતો.
- આજે રજા હોવાથી શહેરમાં ટ્રાફિકનું ભારણ ઓછુ હતુ પરંતુ સેક્ટરોના શોપીંગમાં થોડીક ભીડ જોવા મળી હતી.
- સે. ૨૭માં પ્રા. શાળાના દરવાજા નજીક આવેલ પાઈપલાઈન લિકેજ હોવાથી અહિ વારંવાર પાણી ભરાઈ જાય છે પણ તંત્ર દ્વારા કોઈ પગલાં લેવામાં ના આવતાં રહીશોમાં રોષની લાગણી જન્મી છે.
- શહેરમાં શેરી ગરબાઓ આકર્ષણનું કેન્દ્ર બની ઉભરી રહ્યા છે.

# નવલી નવરાત્રીના "વિશેષ ગરબા"માં માનસિક વિશિષ્ટ બાળકોએ રમઝટ જમાવી

### જે.ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશન દ્વારા 'સાધના' સંસ્થાના સહકારથી સે. ૧૬ના રંગમંચ ખાતે વિશેષ ગરબા-૨૦૨૧નું આયોજન કરાયુ

ગાંધીનગર, તા. ૯

નવલી નવરાત્રીમાં ઢોલીડાંના ઢોલ ઢબુકતાં હોય ત્યારે કોને ગરબે ઘુમવાનું મન ના થાય ? જો કે નવરાત્રીની રમઝટ માણવી દરેકના નસીબમાં નથી હોતી જેમ કે માનસિક રીતે વિશિષ્ટ બાળકોને



નવરાત્રીના ગરબાનો આનંદ માણવાની તક ભાગ્યે જ મળતી હોય છે, કેમકે સાથે તેમની સુરક્ષાનો પણ સવાલ હોય છે. જો કે શહેરમાં માનસિક વિશિષ્ટ બાળકોને પદ્ધતિસરની તાલીમ આપી મુખ્યધારામાં જોડવા કાર્યરત સંસ્થા વિશેષ થેરાપી સેન્ટર દ્વારા આ પ્રકારના બાળકો માટે 'વિશેષ ગરબા-૨૦૨૧'નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં આ બાળકોએ મનભરીને ગરબે ગુમવાનો આનંદ માણ્યો હતો.



ગાંધીનગરના સે. ૧ ખાતે કાર્યરત વિશેષ થેરાપી સેન્ટરની સંચાલક સંસ્થા જે.ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશન દ્વારા શહેરના સાધના પેરેન્ટ્સ એસોસિએશન ફોર મેન્ટલી ચેલેન્જડ પર્સન્સના સહયોગથી તા. ૮મી ઓક્ટોબર શુક્રવારે સાંજે ૬ થી ૯ કલાક દરમ્યાન સેક્ટર-૧૬ના રંગમંચ ખાતે આયોજિત "વિશેષ ગરબા-૨૦૨૧"માં મોટી સંખ્યામાં માનસિક વિશિષ્ટ બાળકો, તેમના વાલીઓ, વિશિષ્ટ શિક્ષકો જોડાયાં હતા અને રમઝટ જમાવી હતી. આ પ્રસંગે દિવ્યાંગ કોર્પોરેશનના મેનેજીંગ ડિરેક્ટર આર.એન. કુચારા, મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, કિસાન મોરચાના પ્રદેશ પ્રમુખ સતીષભાઈ પટેલ, અમદાવાદની શારદા હોસ્પિટલના એસોસિએટ પ્રાધ્યાપિકા ડૉ. હેતલ ચૌહાણે પધારી વિશેષ ગરબાને નિહાળ્યાં હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન જે.ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશનના સ્થાપક-ચેરમેન અનુપભાઈ પરીખ દ્વારા 'સાધના'ના મંત્રી ભાનુભાઈ ચૌહાણ, વિશેષ થેરાપી સેન્ટરના એકેડેમિક ડાયરેક્ટર દિપાલી ઉપાધ્યાય અને પ્રિન્સિપાલ ડૉ. ચિરાગ ઉપાધ્યાય સહિત સંસ્થાના ટ્રસ્ટીઓ મેહુલ બારોટ, નાગજી દેસાઈ વગેરેના સહકારથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં 'મા જાગરણ ગૃપ' દ્વારા ગરબાની રમઝટ જમાવવામાં આવી હતી જ્યારે સ્ટુડિઓ-આઈ ઈન્ટરીયર આર્કિટેકના સૌજન્યથી ડેકોરેશન તેમજ પ્રજ્ઞેશ પટેલ જીઈબીવાળાના સૌજન્યથી ભોજન વ્યવસ્થા કરાઈ હતી. કાર્યક્રમનું મનોરંજન સંચાલન મિતેષ ડોડીયાએ કર્યુ હતુ.



વાવોલની શાલ્વિક હોમ્સ સોસાયટીમાં નવરાત્રી પર્વની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે બીજા નોરતામાં સોસાયટીના રહીશોએ ટ્રેડિશનલ ડ્રેસમાં સુંદર વસ્ત્રો પહેરીને માતાજીની આરતી શ્રધ્ધાપૂર્વક કરી હતી.

## મનપાના જંગમાં ૭૦ થી વધુ ઉમેદવારોની ડિપોઝીટ જપ્ત થઈ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર મહાનગર પાલિકામાં ૭૦ થી વધુ ઉમેદવારોની ડિપોઝીટ જપ્ત કરવામાં આવી છે જેમાં કોંગ્રેસના ૧૭, આપ આદમી પાર્ટીના ૨૧, બસપાના ૧૪, નેશનલ કોંગ્રેસના ૩ અને ૧૧ અપક્ષ ઉમેદવારનો સમાવેશ થાય છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના જંગનું ૫ મીએ પરિણામ જાહેર થયુ છે. આ જંગમાં ૧૬૦ થી વધુ ઉમેદવારો મેદાનમાં હતા. મનપાના જંગમાં ભાજપે ૪૧ બેઠકો અને કોંગ્રેસના ૨ તેમજ આમ આદમી પાર્ટીનો એક બેઠક પર વિજય થયો છે.

આ ચૂંટણીમાં વોર્ડ નં. ૧ માં ૧૪ ઉમેદવારોએ ડિપોઝીટ ગુમાવી છે. આ ચૂંટણીમાં સૌથી ઓછા મત પણ વોર્ડ નં. ૧ માં નેશનલ કોંગ્રેસના ઉમેદવારને મળ્યા છે. આ જંગમાં ૧૧ થી વધુ ઉમેદવારોને એક હજારથી પણ ઓછા મત મળ્યા છે.

ગાંધીનગર મનપાની આ ચૂંટણીમાં વોર્ડ નં. ૮, વોર્ડ નં. ૯ અને ૧૦ માં કોંગ્રેસના ૪ એ ઉમેદવારોની ડિપોઝીટ ડુલ થઈ છે. આમ આદમી પાર્ટીની વોર્ડ નં. ૧, ૭, ૧૧ માં આખી પેનલની ડિપોઝીટ ડુલ થઈ છે. આ જંગમાં નહિ નોંધાયેલા અમાન્ય રાજકીય પક્ષના ઉમેદવારોએ પણ ડિપોઝીટ ગુમાવી છે.

# ચિલોડા-ડભોડા વિભાગની કબડ્ડી-ખોખો ભાઈઓ અને બહેનોની સ્પર્ધા યોજાઈ

ચિલોડા, તા. ૯

ચિલોડા-ડભોડા વિભાગ



વ્યાયામ મંડળની કબડ્ડી ખો-ખો બાઈઓ-બહેનોની સ્પર્ધા ડભોડા હાઈસ્કૂલમાં યોજાઈ હતી. જેમાં મુખ્ય મહેમાન તરીકે પ્રમુખ દલસંગભાઈ ચૌધરી, મંત્રી દિપકભાઈ શુકલ, અતિથિ વિશેષપદે સ્પર્ધા મંત્રી પ્રિતેશભાઈ પટેલ, શ્રીમતી કોમલબેન પટેલ, ઉપપ્રમુખ ઈન્ચાર્જ આચાર્ય-ડભોડા તેમજ શુભેચ્છક જે.બી. ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

આ તબક્કે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં દલસંગભાઈ ચૌધરીએ રમત-ગમતનું વિશેષ મહત્વ વિશે જણાવ્યું હતું. જ્યારે પાંડે સાહેબે રમતોત્સવ ખુલ્લો મુકેલો જાહેર કર્યો હતો.

કબડ્ડી રમતમાં ભાઈઓમાં પ્રથમ વડોદરા ટીમ, દ્વિતીય-ચિલોડા ટીમ અને બહેનોમાં પ્રથમ ચિલોડા ટીમે મેદાન માર્યુ હતુ. દ્વિતીય ડભોડા સ્કૂલ રહી હતી. જ્યારે ખો-ખો ભાઈઓની રમતમાં પ્રથમ ડભોડા અને દ્વિતીય આલમપુર તેમજ બહેનોમાં પ્રથમ-ડોભોડા અને દ્વિતીય-શાહપુર હાઈસ્કૂલની ટીમ વિજેતા બની હતી.

આ તબક્કે આચાર્ય, પ્રમુખ, મંત્રી સર્વેએ વિજેતા ટીમોને તેમજ ભાગ લેનાર તમામ રમતવીરોને અભિનંદન પાઠવ્યા હતા.



ગાંધીનગર સેકટર-૫ સી ખાતે નવરાત્રી સમિતિ દ્વારા નવરાત્રી ચોકમાં આયોજિત નવરાત્રીમાં બીજા નોરતે મહાનગર પાલિકાના વોર્ડ-૭ના નવા ચુંટાયેલા કોર્પોરેટર પ્રેમલસિંહ ગોલ, વોર્ડના હિતેશભાઈ મકવાણા, રાજેશભાઈ પટેલ તથા ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પમુખ કેશરીસિંહ બિહોલાએ આરતી ઉતારી દર્શનનો લાભ લીધો હતો. આ પ્રસંગે નવરાત્રી સમિતિ દ્વારા નવા ચુંટાયેલા કોર્પોરેટરોનું ફુલહાર કરી જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.

# માથે ગરબો મુકી ગરબે ઘુમતી મહિલાઓએ પ્રાચીનકાળની પરંપરા જાળવી

નવરાત્રી એટલે નારીશક્તિઓને ફળીભૂત કરતુ પર્વ. મા જગદંબાના ગર્ભમાંથી અખિલ બ્રહ્માંડનું સર્જન થયું છે તેના પ્રતિકરૂપે ગરબો મુકાય છે. માટીના ઘડામાં છિદ્રો પાડી અંદર ઘીનો દિપક પ્રજવલિત કરવામાં આવે છે અને આ મા જગદંબાના આ પ્રતિકરૂપ આ પરંપરાને જાળવી મા ભગવતી પ્રત્યેની શ્રદ્ધાંને અખંડ રાખે છે. ગ્રામ્ય વિસ્તારોમાં આ પરંપરા હજુ જળવાયેલી છે પરંતુ શહેરોમાં સોસાયટીઓ અને શેરીઓમાં માથે ગરબો મુકી માતાજીના ગરબા ગાવાની આ પ્રજા આકર્ષિત કરી રહી છે. ગાંધીનગરના સરગાસણની ટીપી-૯ માં આવેલ શરણમ્ સોસાયટીમાં મહિલાઓએ વારા ફરતી મા દુર્ગાના



પ્રતિક ગરબાને માથે મુકી ગરબે ઘુમી નવરાત્રીની માતાજી પ્રત્યેની અપાર પવિત્ર શ્રદ્ધાને જીવંત બનાવી છે. આધુનિક નવરાત્રીમાં શક્તિ, ભક્તિ અને આરાધનામાં ટેકનોલોજી ભળી છે છતાં પણ માતાજીના પરચા સાક્ષાત્કારે શ્રદ્ધાને વધુ મજબૂતી આપી છે જે કળીયુગમાં પણ દૈવીશક્તિની સીમા બની છે.

## કોલવડા આયુર્વેદ હોસ્પિટલ ખાતે કેન્સર, ડાયાબીટીસ અને હૃદય રોગની સ્પેશિયલ ઓપીડીનો પ્રારંભ

ગાંધીનગર, તા.૯

કોલવડા સ્થિત સરકારી આયુર્વેદ હોસ્પિટલ ખાતે કેન્સર, ડાયાબીટીસ અને હૃદય રોગની સ્પેશિયલ ઓપીડી શરૂ કરવામાં આવી રહી છે. જેમાં દર સોમવારે રૂમ નંબર-૨૪માં કેન્સરની સ્પેશિયલ ઓપીડી અને ગુરુવારે હોસ્પીટલ ખાતે રૂમ નંબર-૮માં ડાયાબીટીસ અને હૃદય રોગની સ્પેશિયલ ઓપીડી શરૂ કરવામાં આવી રહી છે. જેમાં આયુર્વેદ પદ્ધતિથી રોગોની સારવાર કરવામાં આવશે તેમ કોલેજના આચાર્ય વૈદ્ય સ્વીટીબેન રૂપારેલ અને નાયબ અધિક્ષક રાકેશ ભટ્ટે જણાવ્યું હતું. આ ઉપરાંત અત્રે દર મંગળવારે મેદોરોગ (ઓબેસિટી) ની પણ સારવાર કરવામાં આવી રહી છે.

## એમ.બી. પટેલ સ્કૂલમાં ઓનલાઈન થાળી ડેકોરેશનનું આયોજન

એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં નવરાત્રીના તહેવાર નિમિત્તે ઓનલાઈન થળી ડેકોરેશનનું આયોજન કરાયું હતું. જેમાં ધોરણ ૩થી ૫ની વિદ્યાર્થીની બહેનોએ આરતીની થાળી ડેકોરેશન કરી ઓનલાઈન પ્રવૃત્તિ કરી હતી. આ પ્રવૃત્તિનું આયોજન શાળાના સુપરવાઈઝર રાજેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કાશ્મિરાબેન પટેલ અને મંજુલાબેન પટેલે કર્યું હતું. શાળાના આચાર્ય નીરૂબેન પટેલે વિદ્યાર્થીની બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.